કોઈપણ કિંમત પર સમાચાર
PRGI : GJGUJ/25/A4373

# સાબર રીપોર્ટર ન્યુઝપેપર

WEEKLY સાપ્તાહિક GUJARATI
તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ
SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN
રજિસ્ટર્ડ સરનામુ 892, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા , તા.ઇડર, જી.સાબરકાંઠા -383430 મો.98986 93985 E MAIL : badshahpathan@gmail.com
તા.23/03/2026 | અંક નં.:12 | પાના: 4 | વર્ષ: 1 | કિંમત: ₹2 | વાર્ષિક: ₹100 | Date: ૨૩/૦૩/૨૦૨૬ | Issue No.: ૧૨ | Page: 4 | Year: 1 | Price: ₹2 | Yearly: ₹100



## ઈડરના બરવાવ ગામમાં રખડતા શ્વાનોનો આતંક, ચાર વર્ષના બાળક પર હુમલો ગંભીર રીતે ઘાયલ

ઈડર તાલુકાના બરવાવ ગામમાં રખડતા શ્વાનોનો આતંક સામે આવ્યો છે, જ્યાં ત્રણ રખડતા શ્વાનોએ ઘરની બહાર રમી રહેલા ચાર વર્ષના બાળક પર હુમલો કરીને તેને ગંભીર રીતે ઘાયલ કર્યો હતો. મળતી માહિતી મુજબ, બાળક ઘરની બહાર રમતો હતો ત્યારે અચાનક ત્રણ શ્વાનોએ તેની પર હુમલો કર્યો હતો. શ્વાનોએ બાળકના માથા, પગ અને શરીરના વિવિધ ભાગોમાં બચકા ભરતા બાળકને ગંભીર ઈજાઓ પહોંચી હતી.ઘટનાને પગલે આસપાસના લોકો તરત જ દોડી આવ્યા અને બાળકને શ્વાનોથી છોડાવી તાત્કાલિક સારવાર માટે નજીકની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બાળકની હાલત ગંભીર જણાતા તેને વધુ સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે. આ ઘટનાએ ગામમાં ભયનો માહોલ ફેલાવી દીધો છે. વારંવાર રખડતા શ્વાનોના હુમલાની ઘટનાઓ સામે આવતી હોવા છતાં પંચાયત અને તંત્ર દ્વારા કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી તેવો લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.સ્થાનિકોએ માંગ કરી છે કે રખડતા શ્વાનો સામે તાત્કાલિક અને અસરકારક કાર્યવાહી કરવામાં આવે જેથી આવી ગંભીર ઘટનાઓ ફરી ન બને

**ઈડર પાસે દુર્ઘટના:બરવાવ ગામમાં ભયનો માહોલ...**

## સાબરકાંઠા ખેતરના રસ્તા બંધ કરવાના મુદ્દે માથાકૂટ : કઠવાડિયા ગામે એકનું મોત








સાબરકાંઠાના હિંમતનગરમાં જમીન મુદ્દે થયેલા ઝગડામાં લોહિયાળ જંગ ખેલાયો હતો. કઠવાડિયા ગામમાં ખેતરના રસ્તાને લઈને કૌટુંબિક ઝઘડો થયો હતો. આ ઝગડામાં મારામારી થતાં ઘટના સ્થળે જ એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું.સાબરકાંઠાના હિંમતનગરમાં જમીન મુદ્દે થયેલા ઝગડામાં લોહિયાળ જંગ ખેલાયો હતો. કઠવાડિયા ગામમાં ખેતરના રસ્તાને લઈને કૌટુંબિક ઝઘડો થયો હતો. આ ઝગડામાં મારામારી થતાં ઘટના સ્થળે જ એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. તીક્ષ્ણ હથિયારથી હુમલો કરીને હત્યા કરાઈ હોવાની વિગતો સામે આવી રહી છે. આ ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા લોકોને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હિંમતનગર ગ્રામ્ય પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જમીન મુદ્દે ઝઘડામાં લોહિયાળ જંગ ખેલાયોમળતી માહિતી મુજબ હિંમતનગરના કઠવાડિયા ગામમાં ખેતરના રસ્તાને લઈને પરિવારમાં લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો.આ વિવાદે રવિવારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં બંને પક્ષ વચ્ચે તીક્ષ્ણ હથિયારો સાથે મારામારી થઈ હતી.આ ઘટનામાં ધર્મેન્દ્રસિંહ ભરતસિંહ ઝાલાને ગંભીર ઈજા પહોંચી હતી અને તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.આ મારામારી દરમિયાન અન્ય બે વ્યક્તિઓ પણ ગંભીર રીતે ઘાયલ થયા હતાં. જેઓને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.જ્યારે મૃતક ધર્મેન્દ્રસિંહ ઝાલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો છે.

## હિંમતનગર એસટી ડેપો ખાતે ચાર નવી બસોનું લોકાર્પણ, ઈન્દોર-જોધપુર રૂટ શરૂ







સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે મુસાફરોની સુવિધા વધારવા માટે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એસટી) દ્વારા મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. રાજ્યભરમાં કુલ ૧૮૨ નવી બસો મુકવાની પ્રક્રિયા હેઠળ હિંમતનગર એસટી ડેપો ખાતે ચાર નવી બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલાના હસ્તે બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવી હતી. એસટી નિગમ દ્વારા મુસાફરોને વધુ સુવિધાજનક અને આરામદાયક સેવા મળી રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. નવેસરથી શરૂ કરાયેલી આ બસ સેવા અંતર્ગત હિંમતનગરથી ઈન્દોર તથા જોધપુર જેવા લાંબા અંતરના રૂટ પર બસો દોડશે. સાથે જ ઈન્દોરથી હિંમતનગર અને જોધપુરથી હિંમતનગર રૂટ પર પણ આવન-જાવન સુવિધા ઉપલબ્ધ બનશે.હિંમતનગર એસટી ડેપો ખાતે શરૂ કરાયેલી આ નવી બસો લાંબા અંતરના મુસાફરો માટે મોટી રાહતરૂપ સાબિત થશે અને મુસાફરી વધુ સરળ બનશે. રાજ્ય સરકાર અને એસટી નિગમની આ પહેલથી મુસાફરોને ચોક્કસ રીતે લાભ મળશે.

*************************************************************************************************

# હિંમતનગરમાં બેકાબૂ મીની ટેમ્પો ઘરમાં ઘુસ્યો , માટલા-માટીની ચીજ-વસ્તુઓનું નુકસાન





હિંમતનગર શહેરના છાપરિયા વિસ્તારમાં અકસ્માતની ઘટના સામે આવી છે. માહિતી મુજબ મીની ટેમ્પોના ચાલકે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતા ટેમ્પો સીધો એક ઘરના આગળ ઘુસી ગયો હતો.આ ઘર પ્રજાપતિ સમાજનું હોવાનું જાણવા મળ્યું છે, જ્યાં માટલા તેમજ અન્ય માટીની વસ્તુઓ બનાવવાનું કામ કરવામાં આવે છે. ટેમ્પો ઘરના આગળ રાખેલા માટલા તેમજ માટીની વિવિધ ચીજવસ્તુઓ પર ફરી વળતાં મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. ઘટના સમયે એક આધેડ વયના વૃદ્ધ ઘર અંદર જવા માટે જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. સદનસીબે વૃદ્ધનો બચાવ થઈ ગયો હતો અને કોઈ જાનહાનિ થઈ નથી.માહિતી મુજબ ટેમ્પો ચાલકે પહેલા ઘર આગળ પાર્ક કરેલી કારને ટક્કર મારી હતી અને ત્યારબાદ ટેમ્પો બેકાબૂ બની સીધો ઘરમાં ઘુસી ગયો હતો. અકસાન્તના કારણે વિસ્તારમાં થોડા સમય માટે રોડ પર ટ્રાફિક જામ પણ સર્જાયો હતો. અકસ્માત સર્જ્યા બાદ ટેમ્પો ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે.આ બનાવમાં ઘરના આગળ રાખેલા માટલા તેમજ માટીની અન્ય ચીજવસ્તુઓનું મોટા પ્રમાણમાં નુકસાન થયું છે.

# સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામે હૃદયદ્રાવક ઘટના




ક્રેન ચાલક અકસ્માત કરી ફરાર

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામે હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ખેતરમાં સુતેલા પરિવાર પર અચાનક ક્રેન ફરી વળતા એક નિર્દોષ બાળકનું કચડાઈ જતા મોત થયું છે, જ્યારે માતા-પિતા અને બહેનને ગંભીર ઈજાઓ પહોંચી છે. પ્રાથમિક માહિતી મુજબ પરિવાર ખેતરમાં સુતેલો હતો ત્યારે નજીકમાં કામ કરતી ક્રેન અચાનક બેકાબૂ બની ફરી વળી હતી. ક્રેન સીધી સુતા પરિવાર ઉપર ફરી વળતા એક બાળક તેની નીચે આવી ગયું હતું, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત થયું હતું.આ ઘટનામાં માતા-પિતા અને બાળકની બહેનને ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે નજીકમાં સૂતેલી અન્ય એક સગીરાનો સદનસીબે આબાદ બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે.ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર મામલે કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે. આ દુર્ઘટનાને પગલે ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

# ખેડૂતો માટે પડ્યા પર પાટા જેવી સ્થિતી, ભરઉનાળે માવઠાની આગાહી...



ગુજરાતમાં માર્ચ મહિનામાં આકરી ગરમી વચ્ચે હવે માવઠાની મોટી આફત આવી રહી છે. હવામાન વિભાગે રાજ્યમાં આગામી ત્રણ દિવસ સુધી કમોસમી વરસાદની ગંભીર આગાહી વ્યક્ત કરી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાના કારણે આગામી દરમિયાન વાતાવરણ પલટાશે. આ દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. કમોસમી વરસાદની સાથે જ 40 થી 50 કિમીની ઝડપે તોફાની પવન ફૂંકાવાની શક્યતા છે. આ પલટાને કારણે ગરમીમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થતા લોકોને રાહત મળશે.આગાહી મુજબ બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં માવઠું પડશે. સૌરાષ્ટ્રના જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છમાં પણ વરસાદી માહોલ સર્જાવાની પૂરી શક્યતા છે.મધ્ય ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતમાં માવઠું થશે. વડોદરા, સુરત, ભરૂચ અને પંચમહાલ સહિતના જિલ્લાઓમાં વરસાદની વકી હવામાન વિભાગે આપી છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં 23 હજાર બાળકો કુપોષિત : સરકારી દાવાઓ વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં સમસ્યા યથાવત્ : પોષણ યોજનાઓ છતાં હજારો બાળકો અસરગ્રસ્ત...



ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કુપોષણની સમસ્યા હજુ પણ ગંભીર સ્વરૂપે યથાવત્ હોવાનું તાજેતરના આંકડાઓ અને મેદાની હકીકતો પરથી સામે આવ્યું છે. બંને જિલ્લાઓમાં મળીને આશરે 23 હજાર જેટલા બાળકો કુપોષણનો ભોગ બની રહ્યા છે, જે આરોગ્ય તંત્ર અને સમાજ માટે ચિંતાનો વિષય બન્યો છે. સરકાર દ્વારા વર્ષોથી પોષણ સુધારવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે, છતાં ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં પરિસ્થિતિમાં પૂરતો સુધારો થયો નથી.

મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યા અરવલ્લી કરતાં વધુ નોંધાઈ છે. છેલ્લા એક વર્ષ દરમિયાન કુપોષણના કેસોમાં થોડો ઘટાડો નોંધાયો હોવાના દાવા કરવામાં આવ્યા છે, પરંતુ વાસ્તવમાં ઘણા ગામોમાં આજે પણ બાળકોને પૂરતું પોષણયુક્ત આહાર મળતો નથી.

આંગણવાડી કેન્દ્રોમાં મળતા ખોરાકની ગુણવત્તા, સમયસર વિતરણ અને માતા-પિતામાં જાગૃતિનો અભાવ જેવી બાબતો સમસ્યાને વધુ ગંભીર બનાવે છે.વિશેષજ્ઞોના મતે, કુપોષણ માત્ર આરોગ્યનો નહીં પરંતુ સામાજિક અને આર્થિક પરિસ્થિતિ સાથે સંકળાયેલો પ્રશ્ન છે. ગરીબી, અપૂરતું શિક્ષણ, સ્વચ્છતા અંગેની અસમજ અને ગર્ભાવસ્થા દરમિયાન યોગ્ય પોષણનો અભાવ બાળકોના વિકાસ પર સીધી અસર કરે છે. અનેક પરિવારોમાં સંતુલિત આહાર અંગે પૂરતી માહિતી ન હોવાથી બાળકોના શારીરિક અને માનસિક વિકાસમાં વિલંબ જોવા મળે છે.રાજ્ય સરકાર દ્વારા આંગણવાડી કેન્દ્રો મારફતે પોષણયુક્ત આહાર, તબીબી તપાસ, વજન માપણી અને જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. ગર્ભવતી મહિલાઓ અને ધાત્રી માતાઓને પોષણ કિટ, આયર્ન તથા કેલ્શિયમ ગોળીઓ અને આરોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે. છતાં કેટલીક જગ્યાએ યોજનાઓનો લાભ સમયસર ન મળતા લોકોમાં અસંતોષ પણ જોવા મળે છે.સ્થાનિક સ્તરે આરોગ્ય વિભાગ, ગ્રામ પંચાયત અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે. સંતુલિત આહાર, સ્વચ્છતા, શુદ્ધ પીવાનું પાણી અને સમયસર તબીબી સારવાર અંગે લોકોમાં સમજ વધે તે માટે કેમ્પો યોજાઈ રહ્યા છે.

નિષ્ણાતોનું માનવું છે કે સરકાર સાથે સમાજનો સહયોગ અને સતત દેખરેખ રહેશે તો જ કુપોષણ જેવી ગંભીર સમસ્યાને લાંબા ગાળે નિયંત્રણમાં લાવી શકાય.કુપોષણનો પ્રશ્ન માત્ર આંકડાઓ પૂરતો સીમિત નથી, પરંતુ તે આગામી પેઢીના આરોગ્ય અને વિકાસ સાથે સીધો જોડાયેલો છે. તેથી તંત્ર અને સમાજ બંનેએ મળીને તાત્કાલિક અને અસરકારક પગલાં લેવાની જરૂર છે, જેથી બાળકોને સ્વસ્થ અને સશક્ત ભવિષ્ય મળી શકે.

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat 383430. Place of Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430.

****************************************************************************************************************



## સાબરકાંઠા: પ્રાંતિજમાં ત્રણ ડમ્પરો વચ્ચે અકસ્માત, લોખંડના ગડર સાથે અથડાતા ડમ્પરચાલક - ક્લીનરનું મોત...

સાબરકાંઠાના પ્રાંતિજમાં ગત રાતે રેતીની હેરાફેરી દરમિયાન એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. બાબરીયા વીરના મંદિર નજીક ત્રણ ડમ્પરો વચ્ચે સર્જાયેલા આ અકસ્માતમાં બે વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે. ભારે વાહનોને રોકવા માટે લગાવાયેલું લોખંડનું ગડર આ અકસ્માતનું મુખ્ય કારણ બન્યું હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી અનુસાર, રાત્રિ દરમિયાન રેતી ભરીને પસાર થઈ રહેલા ડમ્પરો પૈકી એક ડમ્પર પહેલા લોખંડના હેવી ગડરમાં ફસાયું હતું. જે બાદ તેની પાછળ આવતા અન્ય બે ડમ્પરો એકબીજા સાથે ધડાકાભેર અથડાયા હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ડમ્પરની કેબિનનો કચ્ચરઘાણ વળી ગયો હતો. તેમાં ફસાયેલા ચાલક અને ક્લીનરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. પ્રાંતિજ ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી કટર વડે કેબિન કાપીને મૃતદેહોને બહાર કાઢ્યા હતા. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ગેરકાયદે રીતે અવરજવર કરતા ભારે વાહનોને રોકવા માટે તંત્ર દ્વારા લોખંડની હેવી ગડર ફ્રેમ લગાવવામાં આવી હતી. અગાઉ કોઈ અજાણ્યા વાહને આ ગડર તોડી નાખી હતી, જેના કારણે તે જોખમી રીતે લટકી રહી હતી. અર્ધ તૂટેલી આ લોખંડની ફ્રેમ જ આજે આ ગમખ્વાર અકસ્માત માટે જવાબદાર બની છે. હાલમાં પ્રાંતિજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી, મૃતદેહોને પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# Sabarkantha: પિંડવાડા હાઈવે પર બે ટ્રકો વચ્ચે અકસ્માત બાદ ભભૂકી આગ, એક ચાલકનું જીવતા સળગી જવાથી મોત



સાબરકાંઠા જિલ્લાની સરહદ નજીક આવેલા રાજસ્થાનના પિંડવાડા વિસ્તારમાં બે ટ્રકો વચ્ચે અકસ્માત બાદ બંને વાહનોમાં આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં એક ટ્રક ચાલકનું સળગી જવાથી મોત નીપજ્યું છે.સાબરકાંઠા જિલ્લાની સરહદ નજીક આવેલા રાજસ્થાનના પિંડવાડા વિસ્તારમાં આજે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. સરૂપગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના ભાવરી ઉપ-તહેસીલ પાસે બે ટ્રકો વચ્ચે જોરદાર ટક્કર થયા બાદ બંને વાહનોમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં એક ટ્રક ચાલકનું કેબિનમાં જ જીવતા સળગી જવાથી કરુણ મોત નીપજ્યું છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ભાવરી પાસે બે ટ્રકો સામસામે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે ક્ષણવારમાં જ બંને વાહનોમાં આગની જ્વાળાઓ ઉઠવા લાગી હતી. જોતજોતામાં બંને ટ્રકો આગના ગોળામાં ફેરવાઈ ગઈ હતી. આ દરમિયાન એક ટ્રક ચાલકને બહાર નીકળવાની તક મળે તે પહેલા જ તે આગની લપેટમાં આવી ગયો હતો અને ઘટનાસ્થળે જ તેનું મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ, અન્ય એક ટ્રક ચાલક હજુ પણ કેબિનની અંદર ફસાયેલો હોવાની આશંકા છે. ઘટનાની જાણ થતા જ સરૂપગંજ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. સ્થાનિક લોકો અને રાહદારીઓએ તાત્કાલિક ધોરણે આગ બુઝાવવાના અને ફસાયેલા લોકોને બહાર કાઢવાના પ્રયાસો શરૂ કર્યા હતા. ફાયર બ્રિગેડની ટીમને પણ જાણ કરવામાં આવી છે.



# બનાસકાંઠાના ઉણ ગામે થયેલ જૂથ અથડામણમાં 800થી વધુના ટોળા સામે ફરિયાદ

પોલીસે ફરિયાદ નોંધતા ચૌધરી સમાજના આગેવાનો ભૂગર્ભમાં ઉતરી ગયા હોવાની વાત સામે આવી છે, ટોળામાં સંડોવાયેલા લોકોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરવામાં આવી છે, 15 થી વધુ ચૌધરી સમાજના લોકો સામે નામ જોગ અને 800થી વધુના ટોળા સામે ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો. ઓગડના ઉણ ગામમાં થયેલ બબાલમાં પોલીસે કરી મોટી કાર્યવાહી અને પોલીસે ફરિયાદ નોંધી છે, પોલીસે અલગ અલગ ટીમો બનાવી હુમલો કરનાર ટોળામાં સંડોવાયેલા લોકોને ઝડપી પાડવા તજવીજ હાથધરી છે, પોલીસે કરી સ્થાનિક આગવેનો સાથે બેઠક અને સર્વે સમાજના આગેવાનો બેઠકમાં રહ્યા હાજર જેમાં શાંતિ જાળવવા પોલીસે કરી સ્થાનિકોને અપીલ અને હુમલો કરનાર સામે કડક કાર્યવાહીની સ્થાનિકોની માગ છે, ઉણ ગામમાં હાલ પરિસ્થિતિ કાબૂમાં છે. થોડા સમય પહેલા ભાભર તાલુકાના રૂની ગામની ચૌધરી સમાજની એક યુવતીએ ઉણ ગામના રબારી સમાજના યુવક સાથે મા બાપના વિરુદ્ધમાં જઈ લગ્ન કર્યા હતા. આ મુદ્દે ચૌધરી સમાજમાં અસંતોષ જોવા મળ્યો હતો. બીજી તરફ થોડા સમય પહેલા કિંજલ રબારી નામની યુવતીએ ચૌધરી સમાજના યુવક સાથે લગ્ન કર્યા બાદ વિવાદ વધતાં રબારી તેમજ ચૌધરી સમાજના આગેવાનો વચ્ચે ચર્ચા થતા રબારી સમાજની દીકરીને પરત મોકલવામાં આવી હતી.

## ભારતના ચૂંટણી પંચ દ્વારા ૧૧૧-ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર...

ભારતના ચૂંટણી પંચ દ્વારા આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ઉમરેઠ વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. જે અંતર્ગત વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે તા.30 માર્ચ, ૨૦૨૬ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે. જ્યારે તા.૨૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ મતદાન તથા તા.૪ મે, ૨૦૨૬ના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે.ભારતના ચૂંટણી પંચ દ્વારા ગોવા, કર્ણાટક, મહારાષ્ટ્ર, નાગાલેન્ડ અને ત્રિપુરા રાજ્યોની વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી સહિત ગુજરાતની ઉમરેઠ બેઠક માટે પેટા ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. જે અંતર્ગત ઉમરેઠ વિધાનસભા બેઠક માટે તા.30 માર્ચ, ૨૦૨૬ થી તા.૦૬ એપ્રિલ, ૨૦૨૬ સુધીમાં જાહેર રજાના દિવસો સિવાય ઉમેદવારીપત્રો ભરી શકાશે. ઉમરેઠ બેઠકની પેટા ચૂંટણી સંદર્ભે તા.૧૫ માર્ચ, ૨૦૨૬ થી આદર્શ આચાર સંહિતા લાગુ પડશે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ ઉમરેઠના ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પરમારના અવસાનના કારણે આ વિધાનસભા બેઠક ખાલી પડી હતી.

**ઉમરેઠના ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પરમારના અવસાનના કારણે ખાલી પડેલી વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી...**

***********************************************************************************************************************

# સાબરકાંઠામાં ભેળસેળ મફિયા બેફામ, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે નકલી ઘી સાથે ૨૦૮ કિલો જથ્થો ઝડપ્યો....



સાબરકાંઠા જિલ્લામાં નકલી દૂધ બાદ હવે નકલી ઘી બનાવવાના કૌભાંડનો ફરી એક વખત પર્દાફાશ થયો છે, જે દર્શાવે છે કે જિલ્લામાં ભેળસેળ કરનાર તત્વો હજુ પણ બેફામ રીતે સક્રિય છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા કાર્યવાહી કરીને એક કિસ્સો બહાર લાવવામાં આવ્યો છે, પરંતુ જિલ્લામાં વ્યાપક સ્તરે ચાલતી ભેળસેળ પર પ્રશ્નચિહ્ન ઉભું થયું છે. હિંમતનગર તાલુકાના રાયગઢ ગામે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો, જ્યાં ફૂડ બિઝનેસ ઓપરેટરના ઘરે તપાસ હાથ ધરાઈ. તપાસ દરમિયાન વિવિધ ખાદ્ય પદાર્થોના સેમ્પલ લેવામાં આવ્યા છે.પ્રાથમિક તપાસમાં સોયાબીન તેલ, છૂટું ઘી, વનસ્પતિ ઘી અને અન્ય વ્હાઈટ પાવડરનો ઉપયોગ કરીને ભેળસેળ કરાતી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. સ્થળ પરથી વ્હાઈટ પાવડર સહિત કુલ ૨૦૮ કિલો જેટલો જથ્થો કબજે કરવામાં આવ્યો છે.આ જથ્થાની અંદાજિત કિંમત રૂ. ૫૦ હજારથી વધુ હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે ખુબીરામ શિવચરણ શર્માને ઝડપી લઈને તેની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે વધુ તપાસ માટે લીધેલા સેમ્પલ લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. હાલ સમગ્ર ઘટનાની વધુ તપાસ ચાલુ છે. જિલ્લામાં દિનપ્રતિદિન વધતી ભેળસેળની ઘટનાઓને જોતા સ્પષ્ટ થાય છે કે ભેળસેળ મફિયા સક્રિય છે અને લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ખેલ કરી રહ્યા છે. હવે સવાલ એ છે કે શું માત્ર આવી છૂટક કાર્યવાહીથી સમસ્યા પર કાબૂ મળશે કે કડક અને વ્યાપક અભિયાનની જરૂર છે.

# નકલી પોલીસે એનડીપીએસના આરોપીનું અપહરણ કરી આઠ લાખ પડાવ્યા, એ-ડિવિઝન પોલીસે કૌભાંડનો ભાંડો ફોડ્યો..




હિંમતનગર શહેરમાં નકલી પોલીસ બની રૂપિયા પડાવવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. સમગ્ર બનાવ અંગે હિંમતનગર એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી બે આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે એક અન્ય આરોપીની શોધખોળ ચાલુ છે.મળતી માહિતી મુજબ ગત ૧૦ ફેબ્રુઆરીના રોજ હિંમતનગરના રતનલાલ કિશનલાલ સુથાર પાસેથી અફીણની પડીકી મંગાવવામાં આવી હતી. જ્યારે રતનલાલ કિશનલાલ સુથાર અફીણની પડીકી આપવા પહોંચ્યા ત્યારે આરોપીઓએ પોતાને પોલીસ તરીકે ઓળખ આપી તેમને ધમકાવી કાયદેસરની કાર્યવાહી કરવાની ધમકી આપી હતી. આરોપીઓએ શરૂઆતમાં દસ લાખ રૂપિયાની માંગ કરી હતી અને મામલો પતાવવાની આડમાં રકમ માંગવામાં આવી હતી. બાદમાં રકઝક બાદ આખરે આઠ લાખ રૂપિયા લઈને મામલો પતાવ્યો હતો. જોકે બાદમાં રતનલાલ કિશનલાલ સુથારને ખબર પડી કે આરોપીઓ પોલીસ નહીં પરંતુ નકલી પોલીસ બની પૈસા પડાવનાર હતા. ત્યારબાદ તેમના સગા દ્વારા હિંમતનગર એ-ડિવિઝન પોલીસ મથકે ત્રણ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી હિંમતનગરના વિરેન્દ્ર ખટીક અને પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામના વિપુલ વણકરને ઝડપી પાડ્યા છે, જ્યારે અન્ય એક આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે અફીણની પડીકી આપનાર રતનલાલ કિશનલાલ સુથાર સામે પણ અગાઉ એનડિપીએસ અધિનિયમ હેઠળ પોલીસ કાર્યવાહી થઈ ચૂકી હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# ગુણભાખરીમાં આદિવાસી જનસમુદાયનો ઉત્સાહભર્યો ઉમટ






સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના ગુણ ભાખરી ગામે હોળીના તહેવાર પછીના પખવાડિયામાં ચિત્ર-વિચિત્રનો લોકમેળો ભરાય છે. આ વર્ષે આ મેળો તા.17 અને 18 માર્ચને અમાસના રોજ પોશીના તાલુકાના ગુણ ભાખરી ગામના સીમાડામાંથી પસાર થતી સાબરમતી નદીના સંગમ સ્થાન ખાતે સંપન્ન થયો હતો. આ મેળામાં ગુજરાતના આદિવાસી વિસ્તારો ઉપરાંત રાજસ્થાનના આદિવાસીઓ પણ મોટી સંખ્યામાં ભાગ લે છે. આ મેળાનું નામ મહાભારત કાળના રાજા શાંતનુના બે પુત્રો ચિત્રવીર્ય અને વિચિત્રવીર્ય પરથી પડયું છે. લોકવાયકા મુજબ તેમણે અહીં સાબરમતી, આકળ અને વ્યાકળ નદીઓના ત્રિવેણી સંગમ પર પોતાના પાપોનું પ્રાયશ્ચિત કર્યું હતું. આ પવિત્ર સ્થળે આજે પણ લોકો દ્વારા શ્રાદ્ધાપૂર્વક પૂર્વજોનું તર્પણ કરવા આવે છે. મેળાની શરૂઆત ગંભીર અને ભાવુક વાતાવરણમાં થાય છે. આદિવાસી સમુદાયના લોકો જેમના સ્વજનોનું વીતેલા વર્ષમાં અવસાન થયું હોય, તેમના અસ્થિઓનું આ ત્રિવેણી સંગમમાં વિસર્જન કરે છે. નદી કિનારે બેસીને પૂર્વજોને યાદ કરી રડવાની પરંપરા, જેને મરસિયા કહેવાય છે, તે આ મેળાને અન્ય મેળાઓથી અલગ પાડે છે. પૂર્વજોને અંજલિ આપ્યા બાદ, આ મેળો રંગબેરંગી ઉત્સવમાં પરિવર્તિત થઈ જાય છે. આદિવાસી પુરુષો અને મહિલાઓ તેમના પરંપરાગત ઘરેણાં અને પોશાકમાં સજ્જ થઈને આવે છે. ઢોલ, શરણાઈ અને વાંસળીના સૂર પર ઝૂમતા યુવાનો મેળાની રોનક વધારે છે. અહીં માટીના વાસણોથી લઈને આધુનિક ચીજવસ્તુઓના સ્ટોલ્સ પણ જોવા મળે છે. મંગળવારની આખી રાત શ્રાદ્ધાળુઓએ નદી કિનારે પડાવ નાખી ભજન-કીર્તન અને લોકગીતોની રમઝટ બોલાવી હતી. બુધવારે સવારે વહેલા ત્રિવેણી સંગમમાં મૃત સંબંધીઓના અસ્થિ પધરાવવાની વિધિ કરવામાં આવી હતી.

*******************************************************************************************